સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 02

[JAN - 2020]

[05/01/20 to 11/01/20]


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


ICE CURRENT NEWS

WEEK 02

વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube

ICE RAJKOT

SUBSCRIBE માટે અહીં CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

## CURRENT TOPICS

- 40મો સપ્તક એન્યુઅલ મ્યુઝિક ફેસ્ટિવલ 2020
- 30 મીડિયા હાઉસને પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા એવોર્ડ એનાયત
- 'ઓપરેશન મેઘદૂત'ના હીરો લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનું નિધન
- ગુજરાતના જામનગરની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા'નો દરજ્જો
- ઈન્ટરનેટનો ઉપયોગ એ બંધારણની કલમ-19(1)(a) હેઠળ મૂળભૂત અધિકાર : સુપ્રીમ કોર્ટ
- Henley Passport Index 2020માં ભારત 84મા ક્રમે


WWW.ICEONLINE.IN

9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :

Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

## 05 JANUARY, 2020 SUNDAY

### ➤ ગુજરાતના પ્રથમ સિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો સુરેન્દ્રનગર ખાતે પ્રારંભ





3 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતમાં સુરેન્દ્રનગર ખાતે ગુજરાતના પ્રથમ સિલ્ક (અથવા તો રેશમ) પ્રોસેસિંગ પ્લાન્ટનો પ્રારંભ થયો છે.

- ગુજરાતમાં 'પટોળા સાડી'ના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારના ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (Khadi and Village Industries Commission - KVIC)ના સહયોગથી આ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે.
- ગુજરાતની પ્રસિદ્ધ 'પટોળા સાડી' બનાવવા માટે કાચા માલ તરીકે રેશમ (Silk)ના તાંતણાનો ઉપયોગ થાય છે.
- આ રેશમના તાંતણા હાલ કર્ણાટક કે પશ્ચિમ બંગાળમાંથી ખરીદવામાં આવે છે. તેથી 'પટોળા સાડી'નો ઉત્પાદન ખર્ચ વધી જાય છે.
- પરિણામે, 'પટોળા સાડી'ના નિર્માણ માટે કાચો માલ ગુજરાતમાં જ મળી રહે તે માટે સુરેન્દ્રનગરમાં આ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE E

### ➤ 40મો સપ્તક એન્યુઅલ મ્યુઝિક ફેસ્ટિવલ 2020




તાજેતરમાં 1 થી 13 જાન્યુઆરી, 2020 દરમિયાન ગુજરાતમાં અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કોલેજ (Old - અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ કેમ્પસ) ખાતે સપ્તકના 40મા વાર્ષિક શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન થયું છે.

- સપ્તક મ્યુઝિક ફેસ્ટિવલ એ ફક્ત ગુજરાત જ નહિ પરંતુ ભારતના સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ પ્રતિષ્ઠિત સંગીત સમારોહમાંનો એક છે.
- ભારતીય શાસ્ત્રીય સંગીતમાં આ સમારોહનું વિશિષ્ટ યોગદાન છે.

**સપ્તકનું આયોજન કોના દ્વારા થાય છે ?**

સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક દ્વારા દર વર્ષે 1 થી 13 જાન્યુઆરી દરમિયાન આ 13 દિવસીય શાસ્ત્રીય સંગીત સમારોહનું આયોજન કરવામાં આવે છે.

**સપ્તકનો પ્રારંભ ક્યારથી થયો હતો ?**

પ્રસિદ્ધ તબલા વાદક પંડિત નંદન મહેતા અને અન્ય વ્યક્તિઓના સહયોગથી ઈ.સ. 1980થી તેનો પ્રારંભ થયો હતો.

**નોંધ :** (1) તાજેતરમાં યોજાયેલા આ સપ્તક શાસ્ત્રીય સમારોહમાં પંડિત હરિપ્રસાદ ચૌરસિયા, પંડિત બિરજુ મહારાજ, પંડિત વિશ્વ મોહન ભટ્ટ, શ્રીમતી શુભા મુદગલ વગેરે જેવા દિગ્ગજ સંગીતકારો ભાગ લઈ રહયા છે.

(2) છેલ્લા 39 વર્ષથી આ સમારોહની એક પણ ટિકિટ વેચવામાં આવી નથી, ફક્ત Invitation દ્વારા જ આ સમારોહમાં એન્ટ્રી આપવામાં આવે છે.

## ICE ? Questions

1. ગુજરાતમાં 'પટોળા સાડી'ના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતના પ્રથમ સિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો અથવા તો રેશમ પ્રોસેસિંગ પ્લાન્ટનો ક્યાં પ્રારંભ થયો છે ?
   (A) પાટણ (B) સિદ્ધપુર (C) શંખેશ્વર (D) સુરેન્દ્રનગર **(D)**

2. ગુજરાતના સુરેન્દ્રનગર ખાતે કોના સહયોગથી ગુજરાતના પ્રથમ સિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો પ્રારંભ થયો છે ?
   (A) ભારત સિલ્ક આયોગ (B) ભારત ખાદી આયોગ
   (C) ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (D) ખાદી અને સિલ્ક આયોગ **(C)**

3. તાજેતરમાં શાસ્ત્રીય સંગીત અંગેનો સપ્તક એન્યુઅલ મ્યુઝિક ફેસ્ટિવલ 2020 ક્યાં યોજાયો હતો ?
   (A) એલ. ડી. આર્ટ્સ કોલેજ, અમદાવાદ
   (B) અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ કેમ્પસ, અમદાવાદ
   (C) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (D) A અને B બંને **(D)**

4. તાજેતરમાં જાન્યુઆરી 2020 દરમિયાન ગુજરાતના અમદાવાદ ખાતે કેટલામો સપ્તક મ્યુઝિક ફેસ્ટિવલ યોજાયો હતો ?
   (A) 36મો (B) 38મો (C) 39મો (D) 40મો **(D)**

5. ગુજરાતના અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાયેલ સપ્તક એન્યુઅલ મ્યુઝિક ફેસ્ટિવલની વિશેષતાના સંદર્ભમાં નીચનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. દર વર્ષે 1 થી 13 જાન્યુઆરી દરમિયાન 13 દિવસ માટે આ સમારોહ યોજાય છે.
   2. સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક દ્વારા તેનું આયોજન થાય છે.
   3. તાના–રીરીની યાદમાં આ મહોત્સવ યોજાય છે.
   4. પ્રસિદ્ધ તબલા વાદક પંડિત નંદન મહેતા દ્વારા 1980માં તેનો પ્રારંભ થયો હતો.

   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 06 JANUARY, 2020 MONDAY

### ➤ શ્રી ઈરફાન પઠાણની ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત



ગુજરાત તથા ભારતના પ્રસિદ્ધ ઓલ રાઉન્ડર ક્રિકેટર **શ્રી ઈરફાન પઠાણે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી** નિવૃત્તિની જાહેરાત કરી છે.

- શ્રી ઈરફાન પઠાણ **ટેસ્ટ મેચમાં હેટ્રિક ઝડપનાર ભારતના પ્રથમ ફાસ્ટ બોલર** છે.
- વર્ષ **2007**ના **ICC**ના **ટી-20 વર્લ્ડ કપ**ની ફાઈનલ મેચમાં તેઓ **'મેન ઓફ ધ મેચ'** પણ બન્યા હતા.
- 27 ઓક્ટોબર, 1984ના રોજ ગુજરાતના **વડોદરા** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેમની આંતરરાષ્ટ્રીય **ટેસ્ટ કારકિર્દી**નો પ્રારંભ 12 ડિસેમ્બર, 2003ના રોજ **ઓસ્ટ્રેલિયા** સામે થયો હતો.
- તેમના આંતરરાષ્ટ્રીય **વન ડે ક્રિકેટ**નો પ્રારંભ પણ **ઓસ્ટ્રેલિયા** સામે જ 9 જાન્યુઆરી 2004ના રોજ થયો હતો.
- જ્યારે તેમની આંતરરાષ્ટ્રીય **ટી-20 કારકિર્દી**ની શરૂઆત 1 ડિસેમ્બર 2006ના રોજ **દક્ષિણ આફ્રિકા** સામે થઈ હતી.

## ICE Questions

1. ગુજરાતના કયા પ્રસિદ્ધ ક્રિકેટરે તાજેતરમાં ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ?
(A) શ્રી પાર્થિવ પટેલ (B) શ્રી પ્રિયાંક પંચાલ
(C) શ્રી યુસુફ પઠાણ (D) શ્રી ઈરફાન પઠાણ **(D)**

2. શ્રી ઈરફાન પઠાણે ક્રિકેટના કયા ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ?
(A) ટેસ્ટ (B) વન ડે (C) ટી-20 (D) તમામ **(D)**

3. શ્રી ઈરફાન પઠાણે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે...તેમની આંતરરાષ્ટ્રીય ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ કયા દેશ સામે થયો હતો ?
(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) દક્ષિણ આફ્રિકા (D) શ્રીલંકા **(B)**

4. શ્રી ઈરફાન પઠાણે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે...તેમની વન ડે કારકિર્દીનો પ્રારંભ કયા દેશ સામે થયો હતો ?
(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) દક્ષિણ આફ્રિકા (D) શ્રીલંકા **(B)**

5. શ્રી ઈરફાન પઠાણે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે...તેમની ટી-20 કારકિર્દીનો પ્રારંભ કયા દેશ સામે થયો હતો ?
(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) દક્ષિણ આફ્રિકા (D) શ્રીલંકા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## 07 JANUARY, 2020 TUESDAY

### ➤ ચૂંટણી પંચ દ્વારા દિલ્હી વિધાનસભા ચૂંટણીની જાહેરાત

6 જાન્યુઆરી, 2020ના રોજ ભારતમાં **કેન્દ્રીય ચૂંટણી પંચ** દ્વારા રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ **દિલ્હી**માં **વિધાનસભા ચૂંટણી**ની જાહેરાત કરવામાં આવી છે.

- દિલ્હી વિધાનસભામાં કુલ **70 બેઠકો** આવેલી છે.
- આ તમામ 70 બેઠકો પર એક જ તબક્કામાં 8 ફેબ્રુઆરી, 2020ના રોજ વોટિંગ થશે.
- અને 11 ફેબ્રુઆરી, 2020ના રોજ આ ચૂંટણીનું પરિણામ જાહેર થશે.

### ➤ શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશેના 'કર્મયોદ્ધા ગ્રંથ'નું વિમોચન



7 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના ગૃહમંત્રી **શ્રી અમિત શાહે** **'કર્મયોદ્ધા ગ્રંથ'**નું વિમોચન કર્યું છે.

- **'કર્મયોદ્ધા ગ્રંથ'** અથવા તો **'કર્મયોદ્ધા નરેન્દ્ર મોદી ગ્રંથ'** નામના આ પુસ્તકમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** વિશે ભારતના **વિવિધ લેખકો**એ પોતાના વિચારો રજૂ કર્યા છે.
- **'હિન્દી વિવેક'** પબ્લિકેશન દ્વારા આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

### ➤ 30 મીડિયા હાઉસને પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા એવોર્ડ એનાયત



7 જાન્યુઆરી, 2020ના રોજ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી **શ્રી પ્રકાશ જાવડેકરે** ભારતના **30 મીડિયા હાઉસ**ને **પ્રથમ** **'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા એવોર્ડ'**થી સન્માનિત કર્યા છે.

- ભારતમાં **નવી દિલ્હી**ના **રાષ્ટ્રીય મીડિયા કેન્દ્ર**માં આયોજીત એક કાર્યક્રમમાં 30 મીડિયા સંગઠનોને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.
- કુલ 30 મીડિયા હાઉસને **3 વિભાગ**માં આ એવોર્ડ એનાયત થયા છે :

  (1) Radio (2) TV અને (3) Print Media
- આ ત્રણ વિભાગમાંથી **TV** ક્ષેત્રે હિન્દી, મલયાલમ, ઉડિયા, ઉર્દુ, ગુજરાતી વગેરે ભાષાઓ માટે કુલ 8 એવોર્ડ એનાયત થયા છે.
- તેમાંથી **ગુજરાતી ભાષા**ની ચેનલ **સંદેશ ન્યુઝ, અમદાવાદ**ને પણ આ એવોર્ડ એનાયત થયો છે.
- જ્યારે **Print Media** ક્ષેત્રે વિવિધ ભાષાઓ માટે એનાયત થયેલા કુલ 11 એવોર્ડમાંથી **મુંબઈ**થી પ્રસિદ્ધ થતા **ગુજરાતી ભાષા**ના સમાચાર પત્ર **'મિડ-ડે'**ને આ પુરસ્કાર એનાયત થયો છે.
- જ્યારે **Radio** ક્ષેત્રે એનાયત થયેલા કુલ 11 એવોર્ડમાંથી ગુજરાતી ભાષા માટે એક પણ મીડિયા હાઉસને આ એવોર્ડ એનાયત થયો નથી.

**નોંધ :** (1) યોગ વિશે જાગૃતિ ફેલાવવા માટે મીડિયા હાઉસે કરેલા પ્રદાનને ધ્યાનમાં રાખીને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

(2) ભારત સરકાર દ્વારા આ એવોર્ડ **પ્રથમ વખત** એનાયત કરવામાં આવ્યો છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

1. ચૂંટણી પંચ દ્વારા દિલ્હી વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે...દિલ્હી વિધાનસભામાં કુલ કેટલી બેઠકો આવેલી છે ?
   (A) 55 (B) 65 (C) 70 (D) 75 — (C)

2. તાજેતરમાં શ્રી અમિત શાહે 'કર્મયોદ્ધા ગ્રંથ'નું વિમોચન કર્યું છે...આ ગ્રંથ કોના વિશે છે ?
   (A) શ્રી અરૂણ જેટલી (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
   (C) શ્રી અટલ બિહારી વાજપેઈ (D) શ્રી સરદાર પટેલ — (B)

3. ભારતમાં પ્રથમ વખત શરૂ થયેલા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા એવોર્ડ'થી કુલ કેટલા મીડિયા હાઉસને સન્માનિત કરવામાં આવ્યા છે ?
   (A) 20 (B) 25 (C) 30 (D) 35 — (C)

4. કોના દ્વારા 30 મીડિયા હાઉસને પ્રથમ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?
   (A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
   (C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) શ્રી પ્રકાશ જાવડેકર — (D)

5. TV ક્ષેત્રે ગુજરાતી ભાષાના કયા મીડિયા હાઉસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા એવોર્ડ' એનાયત થયો છે ?
   (A) TV 9 ગુજરાતી (B) GSTV (C) સંદેશ ન્યુઝ (D) ઝી ન્યુઝ, ગુજરાતી — (C)

6. Print Media ક્ષેત્રે ગુજરાતી ભાષાના કયા સમાચાર પત્રને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા એવોર્ડ' એનાયત થયો છે ?
   (A) ગુજરાત સમાચાર (B) દિવ્ય ભાસ્કર (C) સંદેશ (D) મિડ-ડે — (D)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 08 JANUARY, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 8 જાન્યુઆરી, વિશ્વ ટાઈપિંગ દિવસ

### ➤ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 5 ટકા રહેવાનો અંદાજ

National Statistical Office (NSO) દ્વારા તાજેતરમાં નાણાકીય વર્ષ 2019-20 દરમિયાનના ભારતના GDP વૃદ્ધિ દરનો પ્રથમ અંદાજ રજૂ કરવામાં આવ્યો છે.

- આ અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 5 ટકા રહેવાની સંભાવના છે.
- જે છેલ્લા 11 વર્ષનો ભારતનો સૌથી નીચો GDP વૃદ્ધિ દર છે.
- આ અગાઉ વર્ષ 2018-19 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 6.8 ટકા હતો.
- જ્યારે નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તે 5 ટકા અને બીજા ત્રિમાસિક ગાળામાં તે 4.5 ટકા નોંધાયો હતો.
- ચાલુ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતના GDP વૃદ્ધિ દરમાં ઘટાડાનું મુખ્ય કારણ મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રનો નબળો દેખાવ છે.

## ➤ 'ઓપરેશન મેઘદૂત'ના હીરો લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનું નિધન



7 જાન્યુઆરી, 2020ના રોજ <u>લેફ્ટેનન્ટ જનરલ</u> <u>પ્રેમનાથ હૂણનું</u> 91 વર્ષની વયે <u>ચંદીગઢ</u> ખાતે નિધન થયું છે.

- લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનો જન્મ વર્તમાન<u>પાકિસ્તાન</u>ના <u>એબોટાબાદ</u>માં થયો હતો.
- તેઓ <u>1947</u>માં ભારતની સેનામાં જોડાયા હતા.
- તેમના નેતૃત્વમાં ભારતે <u>1984</u>માં <u>'ઓપરેશન મેઘદૂત'</u> હાથ ધર્યું હતું.
- 'ઓપરેશન મેઘદૂત' અંતર્ગત ભારતે કૂટનીતિક મહત્ત્વના <u>સિયાચીન ગ્લેસિયર</u> અને તેની આજુબાજુના તમામ ગ્લેસિયરને પાકિસ્તાનના કબ્જામાંથી મુક્ત કરીને તેના પર તિરંગો લહેરાવ્યો હતો.
- <u>'ઓપરેશન મેઘદૂત'</u>માં મહત્ત્વની ભૂમિકા માટે લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણને <u>પરમ વિશિષ્ટ સેવા મેડલ</u>થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**નોંધ :** (1) 2015માં પ્રસિદ્ધ થયેલું શ્રી પ્રેમનાથ હૂણનું પુસ્તક <u>'The Untold Truth'</u> ખૂબ જ ચર્ચાસ્પદ બન્યું હતું.

(2) આ બુકમાં તેમણે દાવો કર્યો હતો કે 1987માં શ્રી રાજીવ ગાંધી સરકારને ઉથલાવી દેવાનો આર્મ્ડ ફોર્સિસ દ્વારા પ્રયાસ થયો હતો.



## ➢ પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી અકબર પદમશીનું નિધન



ભારતના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી અકબર પદમશીનું 6 જાન્યુઆરી, 2020ના રોજ તમિલનાડુના કોઈમ્બતૂર ખાતે આવેલા ઈશા યોગ કેન્દ્રમાં 91 વર્ષની વયે નિધન થયું છે.

- 12 એપ્રિલ, 1928ના રોજ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે તેમનો જન્મ થયો હતો.
- Modern Indian Paintingના અગ્રણી ચિત્રકારોમાં શ્રી એસ. એચ. રઝા, શ્રી એમ. એફ. હુસૈન અને શ્રી એફ. એન. સુઝા સાથે શ્રી અકબર પદમશીનો પણ સમાવેશ થતો હતો.
- ભારતના અગ્રણી ચિત્રકાર ઉપરાંત તેઓ ઉત્તમ ફોટોગ્રાફર, શિલ્પકાર, ફિલ્મકાર, નકશીકાર અને લિથોગ્રાફર પણ હતા.
- જોકે તેમને વિશેષ ઓળખ ચિત્રકળા દ્વારા પ્રાપ્ત થઈ હતી.
- તેમના ચિત્રો દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થયા હતા.

### એવોર્ડ

શ્રી અકબર પદમશીને એનાયત થયેલા પુરસ્કારોમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :

(1) પદ્મ ભૂષણ (2010)

(2) લલિત કલા રત્ન (2004), લલિત કલા અકાદમી, નવી દિલ્હી તરફથી

(3) કાલિદાસ સમ્માન (1997-98), મધ્યપ્રદેશ સરકાર તરફથી

(4) શ્રી જવાહરલાલ નહેરુ ફેલોશિપ (1969)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. ‘વિશ્વ ટાઈપિંગ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 5 જાન્યુઆરી (B) 6 જાન્યુઆરી (C) 7 જાન્યુઆરી (D) 8 જાન્યુઆરી — **(D)**

2. NSO દ્વારા જાહેર થયેલા પ્રથમ અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?
   (A) 5 (B) 5.5 (C) 5.8 (D) 6 — **(A)**

3. લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા ઓપરેશન સાથે સંકળાયેલા હતા ?
   (A) ઓપરેશન ધનુષ્ય (B) ઓપરેશન ત્રિશૂલ
   (C) ઓપરેશન મેઘધનુષ્ય (D) ઓપરેશન ગ્લેશિયર — **(C)**

4. ‘ઓપરેશન મેઘધનુષ્ય’નું નેતૃત્વ કરનાર લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનું નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ?
   (A) ચંદીગઢ (B) દહેરાદૂન (C) રાવલપિંડી (D) એબોટાબાદ — **(D)**

5. ‘ધ અનટોલ્ડ ટૂથ’ પુસ્તકના લેખક કોણ છે ?
   (A) શ્રી ચેતન ભગત (B) શ્રી વિક્રમ શેઠ (C) શ્રી પ્રેમનાથ હૂણ (D) શ્રી અરૂણ જેટલી — **(C)**

6. શ્રી અકબર પદમશીનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) ચિત્ર (B) રાજનીતિ (C) શિક્ષણ (D) પત્રકારત્વ **(A)**


7. ભારતના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી અકબર પદમશીનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ?
(A) હરિયાણા (B) મહારાષ્ટ્ર (C) મધ્યપ્રદેશ (D) કર્ણાટક **(B)**

8. શ્રી અકબર પદમશીને કયો પુરસ્કાર એનાયત થયો હતો ?
(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ (C) પદ્મ વિભૂષણ (D) ભારત રત્ન **(B)**

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ભારતની ભૂગોળ
સંપૂર્ણ અભ્યાસ

- ભારતની ભૂગોળની તમામ FACTS અને CONCEPTનો સમાવેશ
- સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને થયેલો ભારતની ભૂગોળનો વિશ્લેષણાત્મક અભ્યાસ
- GPSCની પ્રીલીમ્સ અને મેઈન્સ બંનેની સમાંતર તૈયારી કરાવતું પુસ્તક
- અગાઉની પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નોનો સમાવેશ




MAPS • FLOW CHARTS • ICE FACT
QUE - ANS • TABLES

COMING SOON

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 09 JANUARY, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 9 જાન્યુઆરી, પ્રવાસી ભારતીય દિવસ

9 જાન્યુઆરી, 1915ના રોજ શ્રી મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતના મુંબઈ ખાતે પરત આવ્યા હતા.

- આથી તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.

**નોંધ :** (1) ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવે છે.

(2) શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણને આધારે 8 જાન્યુઆરી, 2002ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી શ્રી અટલ બિહારી વાજપાઈએ 9 જાન્યુઆરીના રોજ પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

(3) આ અંતર્ગત ભારતમાં વર્ષ 2003થી દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ આ દિવસ ઉજવાય છે.

(4) શ્રી મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવીને સ્વાતંત્ર્ય સંગ્રામનું સફળ નેતૃત્વ કરીને કરોડો ભારતીયનું હંમેશને માટે જીવન પરિવર્તન કરી નાખ્યું હતું. આથી, શ્રી મહાત્મા ગાંધીજીને 'સૌથી મહાન પ્રવાસી' માનવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ કરુણા અભિયાન 2020



ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ થયેલા નિર્દોષ પક્ષીઓની સારવાર માટે ગુજરાત સરકાર દ્વારા 'કરુણા અભિયાન 2020'નું આયોજન કરવામાં આવ્યું છે.

- આ અંતર્ગત 10થી 20 જાન્યુઆરી 2020 દરમિયાન સમગ્ર રાજ્યમાં આ અભિયાન ચલાવવામાં આવશે.
- જેમાં ઘાયલ પક્ષીઓની સારવાર માટે કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં આવશે.
- આ ઉપરાંત ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે 108ની જેમ કરુણા એનિમલ એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.
- કરુણા એનિમલ એમ્બ્યુલન્સનો હેલ્પલાઈન નંબર 1962 છે.

### ➤ તીડ પ્રભાવિત વિસ્તારના ખેડૂતો માટે રૂ. 31.45 કરોડનું સહાય પેકેજ

ડિસેમ્બર 2019 દરમિયાન પાકિસ્તાન અને રાજસ્થાનની દિશામાંથી ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓમાં કરોડોની સંખ્યામાં તીડે આક્રમણ કર્યું હતું.

- તીડના આ આક્રમણથી આ વિસ્તારના ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકશાન થયું હતું.
- આથી, તીડના આક્રમણથી નુકશાનીવાળા આ વિસ્તારના ખેડૂતો માટે ગુજરાત સરકારે રૂ. 31.45 કરોડના સહાય પેકેજની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના 13 તાલુકાના 280 ગામ અને પાટણ જિલ્લાના 2 તાલુકાના 5 એમ કુલ 285 ગામોના આશરે 11 હજારથી વધુ ખેડૂતોને આ સહાયનો લાભ મળશે.
- જે ખેડૂતના પાકને 33 ટકા કે તેથી વધુ નુકશાન તીડના આક્રમણથી થયું હશે તેવા ખેડૂતોને બે હેક્ટરની મર્યાદામાં આ સહાય ચૂકવવામાં આવશે.
- જેમાં ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂ. 18,500 સુધી સહાય આપવામાં આવશે.
- અને જો કોઈ ખેડૂત પાસે બે હેક્ટર કે તેથી વધુ જમીન હોય તો તેમને બે હેક્ટરની મર્યાદામાં કુલ રૂ. 37,000 સુધીની સહાય ચૂકવવામાં આવશે.

**નોંધ :** (1) ગુજરાત સરકારે SDRFના ધારાધોરણ મુજબ હેક્ટર દીઠ રૂ. 13500 ઉપરાંત રૂ. 5000 વધારીને રૂ. 18,500ની આ સહાય જાહેર કરી છે.

(2) SDRFનું પૂરું નામ State Disaster Response Fund છે.

## ➢ ગુજરાતમાં નવા ઉદ્યોગ સ્થાપવામાં સહાયતા માટે 'લેન્ડ બેન્ક પોર્ટલ' લોન્ચ

7 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી 'લેન્ડ બેન્ક પોર્ટલ' લોન્ચ કર્યું છે.

- વૈશ્વિક રોકાણકારોને ગુજરાતમાં નવા ઉદ્યોગ સ્થાપવા માટે જમીનની પસંદગીમાં સરળતા થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ 'લેન્ડ બેન્ક પોર્ટલ' દ્વારા ગુજરાતમાં GIDC, ધોલેરા SIR, PCPIR, SEZ તેમજ પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને લોજીસ્ટીક પાર્ક વગેરેમાં ઉપલબ્ધ જમીનની માહિતી ઓનલાઈન ઉપલબ્ધ થશે.
- આ ઉપરાંત ઉદ્યોગ રોકાણકારોને આ પોર્ટલના માધ્યમથી જે તે સ્થળની આસપાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓની માહિતી પણ ઓનલાઈન મળી જશે.
- જેનાથી ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા ઉત્સુક વૈશ્વિક રોકાણકારોને ગુજરાતમાં પોતાના ઉદ્યોગ માટે જમીનની પસંદગીમાં સરળતા થશે.




### ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી (C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી **(C)**

2. શ્રી મહાત્મા ગાંધીજી આફ્રિકાથી કયારે ભારત પરત ફર્યા હતા કે જેની યાદમાં ભારતમાં દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 જાન્યુઆરી, 1914 (B) 9 જાન્યુઆરી, 1915

(C) 9 જાન્યુઆરી, 1916 (D) 9 જાન્યુઆરી, 1917 **(B)**

3. 'પ્રવાસી ભારતીય દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણને આધારે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
   2. આ દિવસની ઉજવણીનો સૌપ્રથમ વિચાર શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ આપ્યો હતો.
   3. 8 જાન્યુઆરી, 2002ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી શ્રી અટલ બિહારી વાજપેઈજીએ આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
   4. ભારતમાં વર્ષ 2003થી દર વર્ષે આ દિવસ ઉજવાય છે.

   (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 4 **(C)**

4. ગુજરાતમાં ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ પક્ષીઓની સારવાર માટે 10થી 20 જાન્યુઆરી 2020 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા કયું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?
   (A) બર્ડ અભિયાન (B) કાઈટ અભિયાન
   (C) સેવ બર્ડ અભિયાન (D) કરુણા અભિયાન **(D)**

5. ગુજરાત સરકારની 'કરુણા એનિમલ એમ્બ્યુલન્સ'નો હેલ્પલાઈન નંબર શું છે ?
   (A) 1962 (B) 1972 (C) 1982 (D) 1992 **(A)**

6. ગુજરાતના કયા જિલ્લાના તીડ પ્રભાવિત વિસ્તારના આશરે 11000થી વધુ ખેડૂતો માટે ગુજરાત સરકારે રૂ. 31.45 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે ?
   (A) બનાસકાંઠા, પાટણ (B) સાબરકાંઠા, પાટણ
   (C) બનાસકાંઠા, મહેસાણા (D) સાબરકાંઠા, મહેસાણા **(A)**

7. ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તીડ પ્રભાવિત વિસ્તારના ખેડૂતો માટે ગુજરાત સરકારે હેક્ટર દીઠ કેટલા રૂપિયા સુધીની સહાયની જાહેરાત કરી છે ?
   (A) 13500 (B) 16500 (C) 17500 (D) 18500 **(D)**

8. કેટલા ટકાથી વધુ નુકશાની ધરાવતા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તીડ પ્રભાવિત વિસ્તારના ખેડૂતો માટે ગુજરાત સરકારે હેક્ટર દીઠ રૂ. 18500 સુધીની સહાયની જાહેરાત કરી છે ?
   (A) 10 (B) 15 (C) 25 (D) 33 **(D)**

9. વૈશ્વિક રોકાણકારોને ગુજરાતમાં નવા ઉદ્યોગ સ્થાપવા માટે જમીન પસંદગીમાં સરળતા થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા કયું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) ધરા પોર્ટલ (B) લેન્ડ પોર્ટલ (C) ધરા બેન્ક પોર્ટલ (D) લેન્ડ બેન્ક પોર્ટલ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 10 JANUARY, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 10 જાન્યુઆરી, (1) વિશ્વ હિન્દી દિવસ, (2) વિશ્વ હાસ્ય દિવસ

#### વિશ્વ હિન્દી દિવસ

10 જાન્યુઆરીના રોજ 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવાનો તથા એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે હિન્દી ભાષાને પ્રસ્તુત કરવાનો છે.

#### 10 જાન્યુઆરીના રોજ શા માટે 'વિશ્વ હિન્દી દિવસ' ઉજવાય છે ?

10 જાન્યુઆરી, 1975ના રોજ ભારતમાં નાગપુર ખાતે પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન થયું હતું.

- આથી, આ પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનની યાદમાં ભારત સરકાર દ્વારા વર્ષ 2006થી 10 જાન્યુઆરીને 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ' વચ્ચે શું ફરક છે ?

ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- જ્યારે 10 જાન્યુઆરીના રોજ વિશ્વ ભરમાં 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, હિન્દી જ ભારતની રાજભાષા હશે.
- આથી, આ દિવસની યાદમાં 14 સપ્ટેમ્બરના રોજ ભારતમાં 'હિન્દી દિવસ' ઉજવાય છે.
- 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ'માં મુખ્ય તફાવત એ છે કે 'હિન્દી દિવસ'ની ઉજવણી ભારતમાં રાષ્ટ્રીય સ્તરે થાય છે. જ્યારે 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવા માટે થાય છે.

**નોંધ :** (1) રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની વિનંતીથી વર્ષ 1953થી સમગ્ર ભારતમાં 14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે.

(2) વર્ષ 1918માં યોજાયેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ હિન્દી ભાષાને ભારતની 'રાષ્ટ્રભાષા' બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને 'જનમાનસ'ની ભાષા ગણાવી હતી.

(3) ભારતીય બંધારણના ભાગ 17ના અનુચ્છેદ 343(1) અનુસાર – સંઘની રાજભાષા 'હિન્દી' અને લિપી 'દેવનાગરી' હશે.

(4) જોકે ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

## ➤ ગુજરાતના જામનગરની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા'નો દરજ્જો

8 જાન્યુઆરી, 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ગુજરાતના જામનગર ખાતે આવેલી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલી વિવિધ આયુર્વેદ સંસ્થાઓનું એકત્રીકરણ કરીને તેને 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકેનો દરજ્જો આપવાની મંજૂરી આપવામાં આવી છે.

- આ અંતર્ગત (1) ઈન્સ્ટિટ્યુટ ફોર પોસ્ટ ગ્રેજ્યુએટ ટિચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (2) શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય અને (3) ફાર્મસી એકમ સહિત ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદ ફાર્માસ્યુટિકલ સાયન્સિસનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે.
- તેમજ મહર્ષિ પતંજલી ઈન્સ્ટિટ્યુટ ફોર યોગ એન્ડ નેચરોપથી એજ્યુકેશન એન્ડ રિસર્ચનું ઈન્સ્ટિટ્યુટ ઓફ ટિચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદના સ્વાસ્થ્યવૃત્ત વિભાગમાં એકત્રીકરણ કરવામાં આવ્યું છે.
- જામનગરની 'ઈન્સ્ટિટ્યુટ ઓફ ટિચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ'ને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા જાહેર કરવા અંગેનું વિધેયક સંસદના આગામી સત્રમાં રજૂ કરવામાં આવશે.
- આ સંસ્થાને 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકેનો દરજ્જો મળતા તેના ઝડપી વિકાસમાં સહાયતા થશે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ હાસ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી — **(C)**

2. ભારતમાં 'હિન્દી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 14 સપ્ટેમ્બર — **(D)**

3. 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી — **(C)**

4. ભારતમાં પ્રથમ 'વિશ્વ હિન્દી સંમેલન'નું આયોજન કયાં થયું હતું ?
   (A) નવી દિલ્હી (B) મુંબઈ (C) પૂણે (D) નાગપુર — **(D)**

5. ગુજરાતની કઈ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલી વિવિધ સંસ્થાઓના સમૂહને કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકેનો દરજ્જો આપવા માટે મંજૂરી આપવામાં આવી છે ?
   (A) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (B) એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
   (C) નિરમા યુનિવર્સિટી, અમદાવાદ (D) ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર — **(D)**

6. ગુજરાતની કઈ શિક્ષણ સંસ્થાને 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા'નો દરજ્જો આપવા કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી છે ?
   (A) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
   (B) નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ, અમદાવાદ
   (C) ઈન્સ્ટિટયુટ ઓફ ટિચિંગ એન્ડ રિસર્ચ ઈન જર્નાલિઝમ, જામનગર
   (D) ઈન્સ્ટિટયુટ ઓફ ટિચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ, જામનગર — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 11 JANUARY, 2020 SATURDAY

### ➢ ઈન્ટરનેટનો ઉપયોગ એ બંધારણની કલમ-19(1)(a) હેઠળ મૂળભૂત અધિકાર : સુપ્રીમ કોર્ટ




ભારતની સુપ્રીમ કોર્ટે પોતાના મહત્ત્વના ચુકાદામાં જણાવ્યું છે કે, **'ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતા એ ભારતના બંધારણના અનુચ્છેદ-19(1)(a) હેઠળ મૂળભૂત અધિકાર'** છે.

- **જમ્મુ કાશ્મીર**માં લાદવામાં આવેલા ઈન્ટરનેટ પરના પ્રતિબંધ અંગે કોંગ્રેસના નેતા **શ્રી ગુલામ નબી આઝાદ** અને અન્યોની અરજીઓની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે પોતાનું ઉપરોક્ત અવલોકન રજૂ કર્યું હતું.
- આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરમાં બેન્કિંગ, હોસ્પિટલ, શિક્ષણ સંસ્થાનો સહિત જરૂરી સેવાઓ આપતી સંસ્થાઓમાં ઈન્ટરનેટ સેવા શરૂ કરવા અને જમ્મુ કાશ્મીરમાં પ્રતિબંધો અંગે સાત દિવસમાં સમીક્ષા કરવા કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો.

## સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ ચુકાદો આપ્યો હતો ?

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ એન. વી. રમણના નેતૃત્વવાળી ત્રણ સભ્યોની સુપ્રીમ કોર્ટની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો.

- આ બેન્ચના ત્રણ સભ્યોમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે :

(1) જસ્ટિસ એન. વી. રમણ (અધ્યક્ષ) (2) જસ્ટિસ બી. આર. ગવઈ

(3) જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી

**નોંધ :** ભારતીય બંધારણના અનુચ્છેદ-19(1)(a)માં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર આપવામાં આવ્યો છે.

## ➤ Henley Passport Index 2020માં ભારત 84મા ક્રમે

Henley & Partners દ્વારા જાન્યુઆરી 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્ષ 2020ના Passport Indexમાં વિશ્વના વિવિધ દેશોમાં ભારત 84મા ક્રમે છે.

- જ્યારે આ અગાઉ જુલાઈ 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 86મા ક્રમે હતું.
- વર્ષ 2020ના આ ઈન્ડેક્સમાં ભારત ઉપરાંત તાજિકિસ્તાન અને મોરીતાનિયા પણ 84મા ક્રમે છે.
- જ્યારે જાપાન આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે.
- અને જાપાન બાદ સિંગાપોર બીજા અને જર્મની તથા સાઉથ કોરિયા ત્રીજા ક્રમે છે.
- આ ઉપરાંત અફઘાનિસ્તાન આ ઈન્ડેક્સમાં અંતિમ 107મા ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



**Henley Passport Index 2020 Rank**

| Rank | Passport | Score |
|---|---|---|
| 1 | જાપાન | 191 |
| 2 | સિંગાપોર | 190 |
| 3 | જર્મની, સાઉથ કોરિયા | 189 |
| 84 | ભારત, તાજિકિસ્તાન, મોરીતાનિયા | 58 |
| 104 | પાકિસ્તાન, સોમાલિયા | 32 |
| 105 | સીરિયા | 29 |
| 106 | ઈરાક | 28 |
| 107 | અફઘાનિસ્તાન | 26 |

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યા અનુસાર ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતા એ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ મૂળભૂત અધિકાર છે ?<br>(A) અનુચ્છેદ - 19(1)(a) (B) અનુચ્છેદ - 19(1)(b)<br>(C) અનુચ્છેદ - 19(1)(c) (D) અનુચ્છેદ - 19(1)(d) | (A) |
| 2. | સુપ્રીમ કોર્ટની કોની અધ્યક્ષતામાં રચાયેલી બેન્ચે તાજેતરમાં એક ચુકાદામાં જણાવ્યું છે કે ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતા એ ભારતીય બંધારણના અનુચ્છેદ - 19(1)(a) હેઠળ મૂળભૂત અધિકાર છે ?<br>(A) જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ (B) જસ્ટિસ એન. વી. રમણ<br>(C) જસ્ટિસ બી. આર. ગવઈ (D) જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી | (B) |
| 3. | ભારતીય બંધારણના અનુચ્છેદ - 19(1)(a)માં કયા મૂળભૂત અધિકારની જોગવાઈ કરવામાં આવી છે ?<br>(A) મિલકત ધારણ કરવાનો (B) ભારતમાં ગમે ત્યાં મુક્તપણે હરવા ફરવાનો<br>(C) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો (D) મુક્તપણે વેપાર, ધંધો, કામકાજ કરવાનો | (C) |
| 4. | હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા હેન્લે પાસપોર્ટ ઈન્ડેક્સ 2020માં ભારત કયા ક્રમે છે ?<br>(A) 82 (B) 84 (C) 86 (D) 88 | (B) |
| 5. | હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા હેન્લે પાસપોર્ટ ઈન્ડેક્સ 2020માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?<br>(A) સિંગાપોર (B) જાપાન (C) જર્મની (D) નોર્વે | (B) |
| 6. | હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા હેન્લે પાસપોર્ટ ઈન્ડેક્સ 2020માં અંતિમ 107મા ક્રમે કયો દેશ છે ?<br>(A) પાકિસ્તાન (B) સીરિયા (C) ઈરાક (D) અફઘાનિસ્તાન | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતના અમદાવાદ ખાતે '31મા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ 2020'નો પ્રારંભ

7 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં અમદાવાદ ખાતે '31મા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ'નો શુભારંભ કરાવ્યો છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાઈ રહેલા આ પતંગોત્સવમાં વિશ્વના 43 દેશોના 153 પતંગબાજ સહિત ભારતના 12 રાજ્યોના 115 પતંગબાજ ભાગ લઈ રહ્યા છે.

### ➤ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે 'Modi's Economics' પુસ્તકનું વિમોચન

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતમાં ગાંધીનગરના રાજભવન ખાતે 'Modi's Economics' પુસ્તકનું વિમોચન કર્યું છે. ડૉ. રાજેશકુમાર આચાર્ય અને શ્રી ગિરીશચંદ્ર તન્ના દ્વારા લખાયેલા અંગ્રેજી અને હિન્દી ભાષાના આ પુસ્તકમાં ભારતની આર્થિક પ્રગતિની તલસ્પર્શી સમીક્ષા રજૂ કરવામાં આવી છે.

### ➤ કડાણા દાહોદ ઉદ્‌વહન સિંચાઈ યોજનાને 'બેસ્ટ ઈમ્પ્લિમેન્ટેશન ઓફ વોટર રિસોર્સિસ પ્રોજેક્ટ' CBIP એવોર્ડ 2020નું સન્માન મળ્યું

ગુજરાત સરકારના જળસંપત્તિ વિભાગની કડાણા દાહોદ Lift Irrigation Schemeને 'બેસ્ટ ઈમ્પ્લિમેન્ટેશન ઓફ વોટર રિસોર્સિસ પ્રોજેક્ટ' CBIP એવોર્ડ 2020થી સન્માનિત કરવામાં આવી છે. અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ સાથે તેના નિર્ધારિત સમય કરતાં સાડા ચાર મહિના વહેલી અને આદિજાતિ વિસ્તારોમાં વિશ્વસનીય સિંચાઈ વ્યવસ્થા ઉભી કરનારી યોજના તરીકે તેને આ એવોર્ડ એનાયત થયો છે.

### ➤ CAAના સમર્થનમાં વિધાનસભામાં પ્રસ્તાવ પસાર કરનાર પ્રથમ રાજ્ય ગુજરાત

10 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાત વિધાનસભામાં કેન્દ્ર સરકારે પસાર કરેલા 'નાગરિકતા સંશોધન એક્ટ'ના કાયદાને સમર્થન આપતો એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. આ સાથે જ ગુજરાત CAA (Citizenship Amendment Act)ના સમર્થનમાં વિધાનસભામાં પ્રસ્તાવ પસાર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત

## ➤ 11થી 17 જાન્યુઆરી 2020 દરમિયાન '31મું માર્ગ સલામતી સપ્તાહ' યોજાશે

ભારતમાં કેન્દ્ર સરકારના માર્ગ વાહન વ્યવહાર મંત્રાલય દ્વારા 11થી 17 જાન્યુઆરી 2020 દરમિયાન ભારતમાં 'માર્ગ સલામતી સપ્તાહ'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત માર્ગ સલામતી અંગે લોક જાગૃતિ કેળવવા સમગ્ર દેશમાં 11થી 17 જાન્યુઆરી 2020 દરમિયાન '31મું માર્ગ સલામતી સપ્તાહ' યોજાશે.

## ➤ સુશ્રી કોનેરુ હમ્પી ચેસમાં વર્લ્ડ ટાઈટલ જીતનાર ભારતના સૌપ્રથમ મહિલા ખેલાડી બન્યા

તાજેતરમાં રશિયાની રાજધાની મોસ્કો ખાતે રમાયેલી વિમેન્સ વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપમાં ચીનના સુશ્રી ટિન્ગજિઈ લીને પરાજય આપીને ભારતના સુશ્રી કોનેરુ હમ્પીએ આ ચેમ્પિયનશિપ જીતી લીધી છે. આ સાથે જ સુશ્રી કોનેરુ હમ્પી ચેસમાં વર્લ્ડ ટાઈટલ જીતનાર ભારતના પ્રથમ મહિલા ખેલાડી બની ગયા છે. 31 માર્ચ, 1987ના રોજ આંધ્રપ્રદેશના વિજયવાડા ખાતે સુશ્રી કોનેરુ હમ્પીનો જન્મ થયો હતો.

# વિશ્વ

## ➤ ઈરાનમાં યુક્રેનનું વિમાન ક્રેશ થતાં તમામ 176 પ્રવાસીના મોત

8 જાન્યુઆરી, 2020ના રોજ ઈરાનની રાજધાની તહેરાન ખાતે આવેલા ઈમામ ખામેઈન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી યુક્રેનની 'યુક્રેનીયન એરલાઈન્સ'ના પેસેન્જર વિમાન બોઈંગ-737એ ઉડાન ભરી હતી. અને આ વિમાન ઉડાન ભર્યાની થોડી ક્ષણો બાદ તહેરાન પાસે તૂટી પડ્યું હતું. યુક્રેનનું આ વિમાન ઈરાનની રાજધાની તહેરાનથી ઉડાન ભરીને યુક્રેનની રાજધાની કીવ જઈ રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. ઈરાનના જણાવ્યા અનુસાર 'માનવીય ભૂલ'ને કારણે થયેલા મિસાઈલ હુમલામાં આ વિમાન તૂટી પડ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

- 7 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના અમદાવાદ ખાતે કેટલામા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો શુભારંભ કરાવ્યો હતો ? – 31મા
- 7 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના અમદાવાદ ખાતે કઈ જગ્યાએ 31મા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો શુભારંભ કરાવ્યો હતો ? – સાબરમતી રિવરફ્રન્ટ
- ડો. રાજેશકુમાર આચાર્ય અને શ્રી ગિરીશચંદ્ર તન્ના દ્વારા લખાયેલા 'Modi's Economics' પુસ્તકનું કોના હસ્તે વિમોચન થયું છે ? – શ્રી આચાર્ય દેવવ્રત
- કઈ જગ્યાએ યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે 'Modi's Economics' પુસ્તકનું વિમોચન કર્યું છે ? – રાજભવન, ગાંધીનગર
- ગુજરાત સરકારની કઈ ઉદ્‌વહન સિંચાઈ યોજનાને (અથવા તો Lift Irrigation Schemeને) 'બેસ્ટ ઈમ્પ્લિમેન્ટેશન ઓફ વોટર રિસોર્સિસ પ્રોજેક્ટ' CBIP એવોર્ડ 2020 એનાયત થયો છે ? – કડાણા દાહોદ
- 'નાગરિકતા સંશોધન એક્ટ' (Citizenship Amendment Act) અથવા તો CAAના સમર્થનમાં વિધાનસભામાં પ્રસ્તાવ પસાર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – ગુજરાત

- ભારતમાં કેન્દ્ર સરકારના માર્ગ વાહન વ્યવહાર મંત્રાલય દ્વારા ભારતમાં 11થી 17 જાન્યુઆરી, 2020 દરમિયાન કયા સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે ? – માર્ગ સલામતી સપ્તાહ
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કયા સમય દરમિયાન '31મા માર્ગ સલામતી સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું ? – 11થી 17 જાન્યુઆરી, 2020
- 11થી 17 જાન્યુઆરી, 2020 દરમિયાન ભારતમાં યોજાયેલા '31મા નેશનલ રોડ સેફટી વીક'ની થીમ શું છે ? – Bringing Change through Youth Power
- ચેસમાં વર્લ્ડ ટાઈટલ જીતનારા ભારતના પ્રથમ મહિલા ખેલાડી કોણ છે ? – સુશ્રી કોનેરુ હમ્પી
- કઈ જગ્યાએ રમાયેલી વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપ જીતીને ભારતના સુશ્રી કોનેરુ હમ્પીએ ચેસમાં વર્લ્ડ ટાઈટલ જીતનાર ભારતના પ્રથમ મહિલા ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી છે ? – મોસ્કો, રશિયા
- રશિયાના મોસ્કો ખાતે યોજાયેલી વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપમાં કોને પરાજય આપીને ભારતના સુશ્રી કોનેરુ હમ્પીએ ચેસમાં વર્લ્ડ ટાઈટલ જીતનાર ભારતના પ્રથમ મહિલા ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી છે ? – સુશ્રી ટિન્ગજિઈ લી (ચીન)
- સુશ્રી કોનેરુ હમ્પી કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ચેસ
- સુશ્રી કોનેરુ હમ્પી કયા રાજ્યના ખેલાડી છે ? – આંધ્રપ્રદેશ
- ઈરાનમાં કયા દેશનું વિમાન ક્રેશ થતાં તેમાં સવાર તમામ 176 પ્રવાસીઓના મોત થયા છે ? – યુક્રેન
- ઈરાનમાં કઈ એરલાઈનનું વિમાન ક્રેશ થતાં તેમાં સવાર તમામ 176 પ્રવાસીઓના મોત થયા છે ? – યુક્રેનીયન એરલાઈન (અથવા Ukraine International Airlines)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. યુનેસ્કો દ્વારા International Year of Plant Health તરીકે કયું વર્ષ ઉજવવામાં આવશે ? – 2020
2. વર્ષ 2020માં યોજાયેલા પ્રથમ 'મોકળા મને' કાર્યક્રમ અંતર્ગત 4 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોની સાથે સંવાદ કર્યો હતો ? – માછીમાર જાતિના મહેમાનો સાથે
3. 8 જાન્યુઆરી, 2020ના રોજ ઈરાને ઈરાકના કયા એર બેઝ પર તૈનાત અમેરિકન સૈનિકો પર મિસાઈલ હુમલો કર્યો હતો ? – એઈન અલ અસદ (Ain al Asad)
4. તાજેતરમાં કયા દેશમાં પાણીની તંગીને કારણે તેમજ હાનિકારક મિથેન ગેસ ઉત્સર્જિત કરતા હોવાથી 10,000 જેટલા ઊંટોની હત્યા કરવાનો આદેશ આપવામાં આવ્યો છે ? – ઓસ્ટ્રેલિયા
   (દક્ષિણ ઓસ્ટ્રેલિયાની લોકલ ગવર્નમેન્ટ Anangu Pitjantjatjara Yankunytjatjara (APY) Lands દ્વારા આ આદેશ આપવામાં આવ્યો છે.)

5. 77મા ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં 'બેસ્ટ ફિલ્મ (ડ્રામા)'નો એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો છે ? – 1917

(ગોલ્ડન ગ્લોબ એ અમેરિકન ફિલ્મ અને ટીવી ક્ષેત્રે એનાયત થતો અમેરિકાનો અગત્યનો એવોર્ડ છે.)

6. કઈ જગ્યાએ યોજાયેલા 'વારલી કલા મહોત્સવ'માં એક જ સ્થળે એક સાથે 2109 આદિવાસી વિદ્યાર્થીઓએ વારલી પેઈન્ટીંગ બનાવી 'ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડ'માં સ્થાન મેળવ્યું છે ? – ધરમપુર, વલસાડ

7. ભારતમાં સ્વચ્છતા સર્વે અંતર્ગત જુલાઈથી સપ્ટેમ્બર 2019 દરમિયાનની બીજી ત્રિમાસિક સમીક્ષામાં 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની કેટેગરીમાં સમગ્ર દેશમાં ગુજરાતનું કયું શહેર બીજા ક્રમે છે ? – રાજકોટ

(જ્યારે મધ્યપ્રદેશનું ઈન્દોર પ્રથમ, વડોદરા ચોથા અને અમદાવાદ છઠ્ઠા ક્રમે છે.)

8. ભારતમાં સ્વચ્છતા સર્વે અંતર્ગત જુલાઈથી સપ્ટેમ્બર 2019 દરમિયાનની બીજી ત્રિમાસિક સમીક્ષામાં 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની કેટેગરીમાં ટોપ 10માં ગુજરાતના કયા શહેરનો સમાવેશ થયો છે ?

– રાજકોટ (2), વડોદરા (4), અમદાવાદ (6)

9. 1 જાન્યુઆરી, 2020 બાદ ભારતમાં નવા ઉત્પાદિત થતા AC (એર કન્ડિશનર)માં કેન્દ્ર સરકારના આદેશ અનુસાર કેટલા ડિગ્રીથી ઓછું તાપમાન કરી શકાશે નહિ ? – 24 ડિગ્રી

(1 જાન્યુઆરી, 2020થી ભારતમાં કેન્દ્ર સરકારના ઉર્જા મંત્રાલયે ACમાં 24 ડિગ્રી ડિફોલ્ટ તાપમાન રાખવાનું નક્કી કર્યું છે. જેનાથી એક ACના વીજળીના બીલમાં વર્ષે રૂ. 4000ની બચત થશે.)

10. વિશ્વમાં પડકારજનક સાઈકિલંગ રેસમાં સ્થાન ધરાવતી 'રેસ એક્રોસ અમેરિકા' માટે ક્વોલિફાય થનાર પ્રથમ ગુજરાતી સાઈકિલસ્ટ કોણ છે ? – શ્રી વિવેક શાહ (અમદાવાદ)

11. ભારતમાં નવેમ્બર 2019 દરમિયાન ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથ (Index of Industrial Production - IIP) કેટલો રહ્યો છે? – 1.80 ટકા

(કોઈપણ દેશના અર્થતંત્રમાં ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથ ખૂબ જ અગત્યનો હોય છે. ભારતમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન તે માઈનસ 5.4 ટકા અને ઓક્ટોબર 2019 દરમિયાન માઈનસ 3.8 ટકા હતો. જે હવે વધીને નવેમ્બર 2019 દરમિયાન 1.80 ટકા થયો છે.)

12. ભારતમાં આઝાદી બાદ પ્રથમ વખત કઈ જગ્યાએ કૈલાસના પ્રથમ કુંભનું આયોજન થયું છે ?

– સોમનાથ મંદિર (ગુજરાત)

(સોમનાથ ખાતે 11, 12 જાન્યુઆરી 2020 દરમિયાન યોજાનાર આ કૈલાસ કુંભમાં દેશભરના 12,000 જેટલા કૈલાસ યાત્રીઓ ભાગ લેશે. એવું કહેવાય છે કે જેમણે પગપાળા કૈલાસની પરિક્રમા પૂરી કરી હોય તેવા 1111 કૈલાસયાત્રીઓ કોઈ એક જ્યોતિર્લિંગ પર ભેગા થાય અને દેવાધિદેવ મહાદેવની આરાધના કરે તો એ 'મહાકુંભ' બરાબર છે. ભારતમાં આઝાદી અગાઉ માનસરોવરમાં આવું આયોજન થયું હતું.)

13. જાન્યુઆરી 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ બેન્કના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 5 ટકા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

14. જાન્યુઆરી 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ બેન્કના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 5.8 ટકા

15. ભારતમાં આ અગાઉ કઈ ખાણની લીલામીમાં ભાગ લેવા માટે તેના વપરાશકાર હોવાનું ફરજિયાત હતું....આ નિયમ હવે કેન્દ્ર સરકારે રદ કર્યો છે ? – કોલસાની

(ઉપરોક્ત નિયમ હવે રદ થતા કોલસાના વપરાશકાર ન હોય તેવા ઉદ્યોગકારો પણ કોલસાની ખાણની લીલામીમાં ભાગ લઈ શકશે.)

16. ભારતમાં તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર કઈ ખાણોની લીલામી થતાની સાથે જ તેને વન અને પર્યાવરણને લગતી મંજૂરીઓ ઓટોમેટિક ટ્રાન્સફર થઈ જશે ?

– લોખંડ અથવા આયર્ન કે આયર્નઓર

17. ભારતના નકસલ પ્રભાવિત કયા વિસ્તારમાં ભારતનો પ્રથમ સ્માર્ટ એથ્લેટિક્સ ટ્રેક બનાવવામાં આવ્યો છે ?

– બલ્લાપુર, જિ. ચંદ્રપુર (મહારાષ્ટ્ર)

18. ભારતમાં મશીન ગન અને બંદૂક જેવા નાના હથિયારો બનાવવા માટે અદાણી જૂથે ભારતમાં કઈ જગ્યાએ આવેલું PLR નામનું યુનિટ ખરીદ્યું છે ? – ગ્વાલિયર (મધ્યપ્રદેશ)

(ભારતના અદાણી જૂથે ઈઝરાયેલી વેપન ઈન્ડસ્ટ્રી - IWI સાથે જોઈન્ટ વેન્ચર રચીને આ યુનિટ ખરીદ્યું છે. આ અગાઉ આ યુનિટ PLR એટલે કે પૂંજ લોયડ સુરક્ષા સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ અને ઈઝરાયેલી વેપન ઈન્ડસ્ટ્રીનું જોઈન્ટ વેન્ચર હતું.)

19. ભારતના કયા રાજ્યની સરકારે કૈલાસ માનસરોવરના યાત્રિકોને મળતી સબસિડી રૂ. 25000થી વધારીને રૂ. 50000 કરી દીધી છે ? – ઉત્તરાખંડ

20. નિર્ભયા સામૂહિક દુષ્કર્મ કેસના અપરાધીઓને ભારતની કઈ કોર્ટે ફાંસીની સજા ફરમાવી છે ?

– પટિયાલા હાઉસ કોર્ટ

21. નિર્ભયા સામૂહિક દુષ્કર્મ કેસના અપરાધીઓને પટિયાલા હાઉસ કોર્ટના કયા જજે 22 જાન્યુઆરી, 2020ના રોજ ફાંસી આપવાનો આદેશ આપ્યો હતો ? – શ્રી સતીશ અરોરા

22. તાજેતરમાં કયા દેશની સંસદે અમેરિકાના સૈન્યને આતંકી સંગઠન જાહેર કર્યું હતું ? – ઈરાન

23. ભારતની પ્રથમ ઈન્ડિયન બાસ્કેટબોલ લીગ (IBL)નું ક્યાં આયોજન થયું છે ? – રાજનાંદગાંવ (છત્તીસગઢ)

24. ભારતમાં વર્ષ 2019માં ફિલ્મ ઈન્ડસ્ટ્રીને સૌથી વધુ કમાણી કરી આપનાર અભિનેતા કોણ છે ? – શ્રી અક્ષયકુમાર

25. તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી 'હોરમુઝ શાંતિ પહેલ'માં ભારતે ભાગ લીધો હતો ? – તહેરાન (ઈરાન)

26. ભારતમાં 10થી 22 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ત્રીજી ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ ક્યાં યોજાશે ?

– ગુવાહાટી (આસામ)

27. 12થી 16 જાન્યુઆરી, 2020 દરમિયાન ભારતમાં 23મો રાષ્ટ્રીય યુવા ઉત્સવ ક્યાં યોજાશે ?

– લખનૌ (ઉત્તરપ્રદેશ)

28. ભારતમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારના શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે કયા રાજ્યમાં 'અમ્મા વોડી' યોજના લોન્ચ કરવામાં આવી છે ? – આંધ્રપ્રદેશ

(આ યોજના અંતર્ગત BPL પરિવારના ધોરણ 1થી 12 સુધી અભ્યાસ કરતા બાળકોને દર વર્ષે રૂ. 15,000 આપવામાં આવશે. આ માટે સ્કૂલમાં તેમની હાજરી 75 ટકા હોવી જરૂરી છે.)

29. જીરો બજેટ પ્રાકૃતિક ખેતી માટે ભારતના કયા રાજ્યની સરકારે જર્મનની એક ફર્મ સાથે MOU કર્યા છે ? – આંધ્રપ્રદેશ

30. ભારતની નેશનલ એન્ટી ડોપિંગ એજન્સીએ તાજેતરમાં સુશ્રી સરબજીત કૌર પર ચાર વર્ષનો પ્રતિબંધ મૂક્યો છે...સુશ્રી સરબજીત કૌર કઈ રમત સાથે સંકળાયેલા છે ? – વેઈટ લિફ્ટિંગ

31. Indian Council of Agtriculture Research (ICAR) દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં કઈ જગ્યાએ 'કિસાન ઈનોવેશન ફંડ'ની સ્થાપના કરવામાં આવશે ? – નવી દિલ્હી

32. 21 ફેબ્રુઆરીથી 1 માર્ચ 2020 દરમિયાન ભારતમાં 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2020' ક્યાં યોજાશે ? – ભુવનેશ્વર (ઓડિશા)

33. ભારતના Central Industrial Security Force (CISF) દ્વારા વર્ષ 2020ને કયા વર્ષ તરીકે ઉજવવામાં આવશે ? – ગતિશીલતા વર્ષ (Year of Mobility)

34. International Meteorological Organization દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ઓફ ક્લાયમેટ રિપોર્ટ' અનુસાર વર્ષ 2019 કયા વર્ષ બાદનું સૌથી વધુ ગરમ વર્ષ હતું ? – 1901

35. તાજેતરમાં ન્યુઝીલેન્ડના કયા ક્રિકેટરે ન્યુઝીલેન્ડની ઘરેલુ ટી-20 મેચમાં એક ઓવરમાં છ સિક્સ ફટકારી હતી ? – શ્રી લિયો કાર્ટર

36. જાન્યુઆરી 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં યોજાયેલી 'ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ'ની સાથે સાથે 'યોગ વિજ્ઞાન બેઠક' તથા 'કિસાન સાયન્સ કોંગ્રેસ'નું આયોજન કરવામાં આવ્યું હતું ? – બેંગાલુરુ

37. ભારતમાં કેન્દ્ર સરકારે ભારતના કેટલા રાજ્યો માટે રૂ. 5908 કરોડનું આપત્તિ રાહત ફંડ મંજૂર કર્યું છે ? – સાત

(આ સાત રાજ્યોમાં કર્ણાટક, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, આસામ, મહારાષ્ટ્ર અને ત્રિપુરાનો સમાવેશ થાય છે.)

38. ભારતમાં કોમન સર્વિસ સેન્ટરે FASTagના વેચાણ માટે કઈ બેન્ક સાથે કરાર કર્યા છે ? – પેટીએમ પેમેન્ટ બેન્ક

39. ભારતમાં ઈસરો દ્વારા આશરે રૂ. 2700 કરોડના ખર્ચે કઈ જગ્યાએ Human Space Flight Center (માનવ અવકાશ ઉડાન કેન્દ્ર)ની સ્થાપના કરવામાં આવશે ? – ચલ્લાકેરે (Challakere), કર્ણાટક

40. તાજેતરમાં કયા દેશે JCPOA નામની પરમાણુ સમજૂતીમાંથી અલગ થવાનો નિર્ણય કર્યો છે ? – ઈરાન

41. JCPOAનું પૂરું નામ શું છે ? – Joint Comprehensive Plan of Action

(આ સમજૂતી અંતર્ગત અમેરિકાએ ઈરાન પરના પ્રતિબંધો હટાવ્યા હતા. અને એના બદલામાં ઈરાન પરમાણુ શસ્ત્રો ન વિકસાવવા માટે સહમત થયું હતું. આ સમજૂતીમાંથી અમેરિકા વર્ષ 2018માં જ નીકળી ગયું હતું.)

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

42. ભારતના કયા રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે 'દામિની' નામની હેલ્પલાઈન (81142 77777) શરૂ કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ

43. ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ભારતમાં કઈ જગ્યાએ સ્થાપાનાર 'National Disaster Response Force' (NDRF) એકેડમીનો શિલાન્યાસ કર્યો છે ? – નાગપુર (મહારાષ્ટ્ર)

44. જાન્યુઆરી 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં '28મા વિશ્વ પુસ્તક મેળા 2020'નું આયોજન થયું હતું ? – નવી દિલ્હી

45. નવી દિલ્હી વર્લ્ડ બૂક ફેર 2020ની થીમ શું હતી ? – 'ગાંધી : લેખકોના લેખક'

46. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે ભારતના કયા રાજ્યમાં લાગુ AFSPAની મુદત 6 મહિના વધારીને જુલાઈ 2020 સુધી લંબાવી છે ? – નાગાલેન્ડ

47. AFSPAનું પૂરું નામ શું છે ? – Armed Forces (Special Powers) Act

48. ભારતના કયા રાજ્યની સરકારે વર્ષ 2020ને 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્ષ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે ? – તેલંગાણા

49. WHO દ્વારા વર્ષ 2020ને કયા વર્ષ તરીકે ઉજવવામાં આવશે ? – International Year of the Nurse and the Midwife

50. ભારતના કયા રાજ્યમાં 'સાઈબર સેફ' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ? – મહારાષ્ટ્ર

51. FAME II યોજના અંતર્ગત ભારતમાં આશરે 2636 જેટલા ચાર્જિંગ સ્ટેશન સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે. તેમાંથી સૌથી વધુ 317 ચાર્જિંગ સ્ટેશન ભારતના કયા રાજ્યમાં શરૂ કરવામાં આવશે ? – મહારાષ્ટ્ર

52. FAMEનું પૂરું નામ શું છે ? – Faster Adoption and Manufacturing of (Hybrid &) Electric (Vehicles)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# A COACHING CLASS FOR GOVERNMENT JOB

## ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

CALL : 81406-01110 / 81407-01110

## રાજકોટ

HEAD OFFICE
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

MO. 93757-01110 / 93280-01110

## જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

CALL : 76985-01110/76986-01110

## અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

CALL : 8469501110/8469601110

## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | STI | PI | PSI/ASI |
| Dy. S.O. | Dy.MAM. | TALATI | CONSTABLE |
| IBPS | SBI | PO | CLERK |

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot